પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪૨ ૧૨ નવેમ્બર, ૨૦૧૭, રવિવાર ; કારતક વદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ૯ ભારતીય બોટનું પાકિસ્તાન મરિન્સ દ્વારા અપહરણ

૯ ભારતીય બોટ અને ૫૫ ભારતીય માછીમારોનું જખૌ નજીક પાકિસ્તાન મરિન્સ દ્વારા અપહરણ કરાયુ હતુ. ગયા અઠવાડિયે ૧૩ જેટલી બોટ અને ૭૯ ભારતીય માછીમારોની અટકાયત કરવામાં આવી હતી.

### પાર્કિંગ ચાર્જ બાબતે પુન: વિચારણા કરવા દિલ્હી સરકારનો આદેશ

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે દિલ્હી સરકારને પાર્કિંગ ચાર્જ બાબતે પુન: વિચારણા કરવા આદેશ આપ્યો છે. દિલ્હી સરકારે તાજેતરમાં ચોથીવાર પાર્કિંગ ચાર્જમાં વધારો કર્યો છે.

### નોર્થ કરોલિનામાં વધુ એક ગુજરાતી યુવાનની હત્યા

છેલ્લા વીસ વર્ષથી અમેરિકાના નોર્થ કેરોલિનામાં મોટેલનો બિઝનેશ કરતાં આણંદના આકાશ તલાટીની હત્યા કરી દેવાતા સનસનાટી મચી જવા પામી છે. લૂંટના ઈરાદે તેઓની હત્યા કરાઈ હતી.

### ફીફા વર્લ્ડ કપમાં ઇટાલીનો સ્વીડન સામે પરાજય

ફીફા વર્લ્ડ કપ ક્વાલિફાઈંગ મેચોનો દોર હાલમાં ચાલી રહ્યો છે. હવે પ્લે ઓફમાં સ્વીડનની સામે ઈટાલીની કારમી હાર થતા તેની સામે સંકટ વધી ગયુ છે. ૬૦ વર્ષમાં પ્રથમ વખત ફીફા વર્લ્ડ કપની બહાર થઈ જવાનુ સંકટ તેના પર તોળાઈ રહ્યુ છે.

# તમિળનાડુમાં ૬ કરોડ રોકડા પકડાયા

**નવ કિલો સોનું પણ મળી આવ્યું : ૧૨૦૦ કરોડથી વધુના રોકાણના દસ્તાવેજો કબજે : વુમન્સ કોલેજની હોસ્ટેલ રૂમમાં સંપત્તિ છુપાવવામાં આવી હતી : તિજોરીઓ ખોલતાની સાથે ડાયમંડ જ્વેલરી-કિંમતી સ્વિસ ઘડિયાળોનો જથ્થો નિકળ્યો**

નવી દિલ્હી,તા. ૧૧

તમિળનાડુમાં આવકવેરા વિભાગના દરોડામાં અભૂતપૂર્વ સંપત્તિ હાથ લાગી છે. આ સંપત્તિને જોઈને તમામ આઈટીના અધિકારીઓ પણ ચોંકી ગયા છે. તિરુવરુર જિલ્લામાં વુમન્સ કોલેજના ખાલી રહેલા હોસ્ટેલ રૂમોની તિજોરીમાંથી ડાયમંડ જ્વેલરી અને સ્વીસ ઘડિયાળો જથ્થાના પ્રમાણમાં નિકળતા ખળભળાટ મચી ગયો છે. આવકવેરા વિભાગોની ટીમોને ૬ કરોડથી વધુની રોકડ રકમ, ૮.૫ કિલોગ્રામ સોનું, ૧૨૦૦ કરોડથી વધુની કિંમતના રોકાણ સાથે સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા હતા. આ તમામ માટે તેમના માલિકો આવકના સોર્સને લઈને કોઈ માહિતી આપી શક્યા ન હતા. ડાયમંડ જ્વેલરી અને કિંમતી ઘડિયાળો વુમન્સ કોલેજમાં હોસ્ટેલ રુમોની તિજોરીઓમાંથી ખોલતાની સાથે જ પડવાની શરૂઆત થઈ ગઈ હતી. આ જોઈને ઈન્કમટેક્સના અધિકારીઓ પણ ટોંકી ગયા હતા. અપરાધી ઠરાવવામાં આવેલા અન્નાદ્રમુકના નેતા વીકે શશિકલા, તેમના સમર્થકો, સગાસંબંધીઓ અને અન્યોને

● અનુસંધાન પાન-૩ પર

## તમિળનાડુના ઈતિહાસમાં સૌથી મોટા દરોડા પડ્યા

### ૧૮૦૦થી વધુ અધિકારીઓ જોડાયા

ચેન્નાઈ, તા. ૧૧

આવકવેરા વિભાગે આજે સતત ત્રીજા દિવસે દરોડાની કાર્યવાહી જારી રાખી હતી. ઈન્કમ ટેક્સ વિભાગના ૧૮૦૦થી વધુ અધિકારીઓ દરોડાની કાર્યવાહીમાં જોડાયા હતા. તમિળનાડુના ઈતિહાસમાં દરોડાની કાર્યવાહીને હજુ સુધીની સૌથી મોટી કાર્યવાહી તરીકે ગણવામાં આવે છે. સતત ત્રણ દિવસ સુધી હજારો અધિકારીઓ આમા સામેલ થયા છે. દરોડાની કાર્યવાહીમાં મોટી સંખ્યામાં દસ્તાવેજો જપ્ત કરાયા છે. હજારો કરોડના રોકાણના દસ્તાવેજો પણ મળી આવ્યા છે.

# પોક પાકિસ્તાનનો હોવાના ફારુકના દાવાથી હોબાળો

**જમ્મુ-કાશ્મીરમાં આગળ વધવાનો એક જ માર્ગ રાજ્યને સ્વાયતત્તાનો છે : ફારુક અબ્દુલ્લાની વિવાદાસ્પદ ટિપ્પણી**

શ્રીનગર, તા. ૧૧

નેશનલ કોન્ફરન્સના વડા



ફારુક અબ્દુલ્લાએ આજે વધુ એક વિવાદ છેડી દીધો હતો. ફારુક અબ્દુલ્લાએ એમ કહીને ચર્ચા જગાવી હતી કે, પાકિસ્તાન કબજા હેઠળ કાશ્મીર પાકિસ્તાનનુંછે. પોકને લઈને ફારુક અબ્દુલ્લાના નિવેદન બાદ દેશભરમાં વધુ હોબાળો થવાની શક્યતા દેખાઈ રહી છે.

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાએ કહ્યું હતું કે, પોક પાકિસ્તાન સાથે જોડાયેલું છે. તેમણે કહ્યું હતું કે, જો ભારત સરકાર શાંતિ ઈચ્છે છે તો પાકિસ્તાન સાથે તેને વાત કરવી પડશે. તેમણે ઉમેર્યુ હતુ કે, સ્વાયત્તા તેમની સાથે સાથે અમને પણ મળવાની જરૂર છે. અબ્દુલ્લાએ ઉમેર્યું હતું કે, પાકિસ્તાન કબજા હેઠળ કાશ્મીર પાકિસ્તાનનું છે અને આ મામલે ભારતે દરમિયાનગીરી કરવી જોઈએ નહીં.




# અંતે દિલ્હીમાં ઓડઈવન રદ કરવા નિર્ણય : ગૂંચ અકબંધ

**અરવિંદ કેજરીવાલ સરકારે હાથ ઉંચા કર્યા : ઓડ ઇવનને શરતોની સાથે એનજીટીની લીલીઝંડી મળ્યા બાદ કેજરીવાલ સરકારની બેઠક મળી**



નવીદિલ્હી, તા. ૧૧

દિલ્હીમાં આગામી સપ્તાહથી શરૂ થતી ઓડ ઈવન સ્કીમ હાલમાં રદ કરી દેવામાં આવી છે. દિલ્હીના પરિવહન મંત્રી કૈલાશ ગેહલોત દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (એનજીટી)એ દિલ્હી સરકારની ઓડ ઈવન સ્કીમને લીલીઝંડી આપી હતી પરંતુ ટ્રીબ્યુનલે આને લાગૂ કરવા માટે કેટલીક શરતો મુકી હતી. આ સ્કીમમાં ટુ વ્હીલર્સ, મહિલાઓ અને સરકારી કર્મચારીઓને રાહતો આપી ન હતી. આમા એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવા માટે છુટછાટ રાખવામાં આવી હતી. ઓડઈવનની શરતોની સાતે એનજીટીની મંજુરી મળી ગયા બાદ અરવિંદ કેજરીવાલની સરકારે અતિ અમહત્વપૂર્ણ બેઠક યોજી હતી જેમાં જુદા જુદા વિષય ઉપર ચર્ચા વિચારમા કરવામાં આવી હતી. બેઠકમાં આખરે અરવિંદ કેજરીવાલ સરકારે હાથ ઉંચા કરી લીધા હતા. હાલમાં એનજીટીની શરતો મુજબ કેટલીક બાબતોને લઈને ચર્ચા હતી. જો કે, આજે એકે સરકારે હાથ ઉંચા કરતા ઓડઈવન રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં પોલ્યુશનને લઈને ભારે હોબાળો મચેલો છે. આ અગાઉ એનજીટીએ દિલ્હી સરકારના નિર્ણયને લઈને કેટલાક પ્રશ્ન ઉઠાવ્યા હતા. ટ્રીબ્યુનલે પ્રશ્ન કર્યો હતો કે, આખરે આ નિર્ણય આટલી ઝડપથી કેમ લેવામાં આવ્યો છે.













